## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



બસ તુ કાંઇ જાણ્યા વગર દારૂ પીવા માટે મને નાલાયક કહી દે છે...!! પણ તને ખબર છે... દારૂબંધી વાળા રાજ્યમાં રોજ બોટલ મેળવવા કેટલી લાયકાત જોઈએ...!!

## ઘ-૪ સર્કલ નજીક ગાડી સળગી ઉઠી

શહેરના ઘ-૪ સર્કલ નજીકથી આજે સવારે પસાર થઈ રહેલી એક ગાડી અચાનક સળગી ઉઠી હતી. ફાયરમેન દિનેશભાઈનું ધ્યાન પડતા તેમણે જ ફાયરબ્રિગેડને જાણ કરી બોલાવી હતી. ફાયરબ્રિગેડની ટીમે આગ કાબુમાં લઈ લીધી હતી. સદભાગ્યે આ ઘટનામાં કોઈને ઈજા કે જાનહાની થવા પામી ન હતી.

# સે-૧૨ ચીપ ટાઈપ શોપીંગમાં ઓટો પાર્ટસની દુકાનમાં આગ

## વહેલી સવારે કોઈ કારણોસર લાગેલી આગમાં લાખોનો માલ સામાન અને દુકાનનું ફર્નીચર બળીને ખાખ

ગાંધીનગર, તા.૨૮

શહેરનાં સેકટર-૧૨ ચીપ ટાઈપ શોપીંગમાં સ્થિત આશુતોષ ઓટો સેન્ટરમાં આજે વહેલી સવારે કોઈ કારણોસર આગ ભભુકી ઉઠી હતી. ફાયરબ્રિગેડને ઘટનાની જાણ કરાતા ટીમ તાબડતોબ ઘટના સ્થળે આવી પહોંચી હતી અને પાણીનો મારો ચલાવીને આગ વધુ બીજી દુકાનોમાં પ્રસરે તે પહેલા કાબુમાં લઈ લેવાઈ હતી. આગ દુર્ઘટનામાં લાખોની કિંમતનો દિવાળી પછી ભરેલો માલસામાન તથા ફર્નીચર બળીને ખાખ થઈ ગયો હતો. જો કે આગ લાગવા પાછળનું કારણ હજુ સ્પષ્ટ થઈ શકયું નથી.




વહેલી સવારે સાડા છ વાગ્યાના અરસામાં સેકટર-૧૨માં બગીચા સામે સ્થિત ચીપ ટાઈપ શોપીંગ પાસેથી પેપર ફેંકવા નીકળેલા ફેરીયાનું ધ્યાન એક દુકાનમાંથી નીકળી રહેલા ધુમાડાના ગોટા ઉપર પડયું હતું. તેણે તાત્કાલીક જે દુકાનમાંથી ધુમાડા નીકળી રહ્યા હતા તે આશુતોષ ઓટો સેન્ટરના માલિક સેકટર-૬નાં રહેવાસી અશોકભાઈ દશરથલાલ કંસારાને ફોન કરીને જાણ કરી હતી. તાત્કાલીક દુકાનમાલિક દુકાન પાસે પહોંચી ગયા અને ગાંધીનગર ફાયરબ્રિગેડને જાણ કરી બોલાવી લીધી હતી. ફાયરબ્રિગેડની ટીમ બનાવ સ્થળે પહોંચી ગઈ હતી અને આગને કાબુમાં લઈ લીધી હતી. જો કે ત્યાં સુધીમાં ઓટો પાર્ટસ તથા ફર્નિચર સહીતનો સામાન બળી ચુકયો હતો. તે ઉપરાંત બાજુની દુકાનમાં પણ થોડો સામાન સળગ્યો હતો. આગનું કારણ હજુ સુધી સ્પષ્ટ થઈ શકયું નથી. પરંતુ પ્રાથમિક તબક્કે શોર્ટ સર્કીટથી આગ લાગી હોવાનું જાણવા મળ્યું છે.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર મહાનગરપાલિકાએ આજે યોજેલા સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત યોજાયેલા સેમિનારમાં છ જેટલા પ્રેઝન્ટેશન જુદા જુદા વિષયો અંતર્ગત રજૂ થયા હતા.

● આજે સ્માર્ટ સિટી પ્રોજેક્ટને લઈ હોટલ હવેલી ખાતે પણ એક સેમિનાર ચાઈનીઝ કંપની દ્વારા યોજાયો હતો.

● જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીની તૈયારીઓને લઈ કલેક્ટર કચેરી અને પંચાયતની કચેરીઓ કાર્યરત રહી હતી.

● જિલ્લામાં ઠંડીનો માહોલ યથાવત રહેતાં લોકોએ રાત્રે ઘરમાં વહેલા દાખલ થઈ જઈ ઠંડીથી રક્ષણ મેળવ્યું હતું.

● જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની કતલની રાતે બધા જ રાજકીય આગેવાનો સતત રઝળપાટ કરતા નજરે પડ્યા હતા.

● ચૂંટણીની તૈયારીઓની આખરી સમીક્ષા માટે આજે ચૂંટણી કમિશનર શ્રી વરેશ સિંહાએ જિલ્લા કલેક્ટરો સાથે વિડીયો કોન્ફરન્સ યોજી સમીક્ષા કરી હતી.

● ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા કાઉન્સીલરોની ગ્રાન્ટમાંથી લોખંડના બાંકડા મૂકવામાં આવી રહ્યા છે.

# કરમુક્તિના આયોજન માટે કરદાતાઓમાં સળવળાટ

## ફેબ્રુઆરી-માર્ચમાં છેલ્લી ઘડીએ કરાતી દોડાદોડ ટાળવા કરદાતાઓના આગોતરા આયોજન

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરના સરકારી કર્મચારીઓ દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માટે આવકવેરામાં રાહત આપતા કલમ ૮૦ સી, ૮૦ જી સહિતના આયોજનો હાથ ધરવાનું ચાલુ કરી દેવાયું છે. આ ઉપરાંત નગરમાં ખાનગી કંપનીના કર્મચારીઓને પણ પોતાના બચતના પુરાવા અગાઉથી આપી દેવાના હોઈ તે માટેની વ્યવસ્થા કરવાનું અત્યારથી ચાલુ કરી દેવાતા સમગ્ર શહેરમાં નાણાંકીય આયોજનો ક્ષેત્રે ચહલપહલ જણાઈ રહી છે. માર્ચ માસની છેલ્લી ઘડીની દોડાદોડ ટાળવા પણ કરદાતાઓ અત્યારથી પ્લાનીંગ કરી રહ્યા છે.

ગાંધીનગર એક કર્મચારીનગર છે જ્યાં ૭૦ ટકાથી વધુ નાગરિકો સરકારી કર્મચારી છે. હાલના પગારધોરણ મુજબ મોટાભાગના સરકારી કર્મચારીઓ આવકવેરાની મર્યાદામાં આવી જાય છે. તેથી કરમુક્તિ માટેની કલમ ૮૦સી તથા ૮૦ જી સહિત વિવિધ છુટછાટો હેઠળ કરબચત દ્વારા કરમાં રાહત મેળવવા માટે અત્યારથી આયોજનો પ્રારંભ કરી દેવાયા છે. આ ઉપરાંત મોટી ખાનગી કંપનીઓના કર્મચારીઓને પણ તેમના એકાઉન્ટ વિભાગ દ્વારા ટીડીએસની પ્રોસેસ કરવાની થતી હોઈ તેમની કરમુક્તિ માટેની બચતો અંગેની વિગતો અત્યારથી મંગાવવાનું ચાલુ કરી દેવાયું છે. આ કારણે ખાનગી કંપનીના કર્મચારીઓએ પણ કરબચત માટેના નાણાંકીય આયોજનો હાથ ધર્યા છે.

કરમુક્તિ મેળવવા માટે કરદાતાઓ તરફથી વિવિધ નાણાંકીય સાધનો જેવા કે ફિક્સ ડીપોઝીટ, પીપીએફ-જીપીએફ, જીવનવિમો, મ્યુચ્યુઅલફંડ, મેડીક્લેઈમ, ટ્યુશન ફી વગેરેનો સહારો લેવાઈ રહ્યો છે. અત્યારના સમયમાં મ્યુચ્યુઅલફંડ્સની ઈક્વીટી લિંક્ડ સેવિંગ્સ સ્કીમ અંતર્ગત કરાતુ ઈન્વેસ્ટમેન્ટ વધુને વધુ લોકપ્રિય સાબિત થઈ રહ્યું છે. આ સાધનમાં સૌથી ઓછા લોક-ઈન પિરીયડ સાથે ઈક્વીટી એક્સ્પોઝરનો લાભ પ્રાપ્ત થાય છે. જેના કારણે ઉંચા વળતર મેળવી શકવાની શક્યતાઓ મળે છે. જો કે આ રોકાણમાં બજારનું જોખમ હોવાથી સુરક્ષિતતાને વધ મહત્વ આપતા રોકાણકારો તેમાં ઓછુ રોકાણ કરવાનો અથવા 'સિપ' પદ્ધતિએ રોકાણ કરવાનો વિકલ્પ અપનાવી રહ્યાં છે.

# ભાજપના નેતાઓ ક્યાં ક્યાં મતદાન કરશે

અમદાવાદ, તા.૨૮

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સહિત છ કોર્પોરેશનની ચુંટણી પ્રથમ રાઉન્ડમાં યોજાઈ ગયા બાદ હવે બીજા રાઉન્ડમાં આવતીકાલે ૫૬ નગરપાલિકા, ૩૧ જિલ્લા અને ૨૩૦ તાલુકા પંચાયતની ચુંટણી માટે મતદાન યોજાનાર છે. આને લઈને પણ મતદારો ભારે ઉત્સુક દેખાઈ રહ્યા છે. મતદારોમાં પોતાના પસંદગીના ઉમેદવારને મત આપવાને લઈને જોરદાર ઉત્સુક્તા જોવા મળી રહી છે. કોઈપણ અનિચ્છનિય બનાવ ન બને તે માટે પુરતી સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આવતીકાલે યોજાનાર મતદાન માટે કોણ ક્યાં મતદાન કરનાર છે.

### પ્રદેશ અગ્રણીઓ

| નામ | મતદાન મથકનું સ્થળ |
|---|---|
| પરશોત્તમ રૂપાલા | ઈશ્વરિયા પ્રાથમિક શાળા, અમરેલી |
| આઈકે જાડેજા | કામદાર કલ્યાણ કેન્દ્ર, ધાંગ્રધ્રા, સુરેન્દ્રનગર |
| શંભુપ્રસાદ ટુંડીયા | ઝાંઝરકા પ્રાથમિક શાળા, ધંધુકા |
| રમીલાબેન બારા | નાનશેરી પ્રાથમિક શાળા, વિજયનગર |
| જશવંતસિંહ ભાભોર | દાસા પ્રાથમિક શાળા, લીમખેડા, દાહોદ |
| ભરતસિંહ પરમાર | ડીબી હાઈસ્કુલ, ઝઘડિયા, ભરુચ |
| મનસુખભાઈ માંડવિયા | હણોલ, પાલિતાણા, ભાવનગર |
| કે. સી. પટેલ | કેકારાવ પ્રાથમિક શાળા, પાટણ |

### રાજ્ય સરકારના મંત્રીઓ

| નામ | મતદાન મથકનું સ્થળ |
|---|---|
| નીતીન પટેલ | સંગીતા સોસાયટી, કડી, મહેસાણા |
| ભૂપેન્દ્રસિંહ ચુડાસમા | સુથરી કુમાર શાળા, ધોળકા |
| શંકરભાઈ ચૌધરી | વડનગર, પાટણ |
| જ્યંતિભાઈ કવાડિયા | શીશુ મંદિર શાળા, મોરબી |
| દિલીપસિંહ ઠાકોર | દાંતરવાડા પ્રાથમિક શાળા, હારીજ |
| રજનીભાઈ પટેલ | મોઢેરા પ્રાથમિક શાળા, મોઢેરા |
| તારાચંદભાઈ છેડા | રામકૃષ્ણ પ્રાથમિક શાળા, ભુજ |
| જયેશભાઈ રાદડિયા | તાલુકા શાળા જામકંડોરણા, રાજકોટ |
| બચુભાઈ ખાબડ | પીપેરો સરકારી પ્રાથમિક શાળા, ધાનપુર, દાહોદ |
| દિલીપસિંહ ડાભી | ડભોડા પ્રાથમિક શાળા, ખેરાલુ, મહેસાણા |
| વાસણભાઈ આહિર | પેટા પરા, રતનાલ, અંજાર, કચ્છ |
| જેડી સોલંકી | નવી કન્યા શાળા, અરણેજ, કોડીનાર, ગીરસોમનાથ |
| પંકજભાઈ દેસાઈ | લાયન્સ હોલ, સંતરામ મંદિર, નડિયાદ |
| આરસી પટેલ | કન્યા શાળા, જલાલપોર, નવસારી |

### લોકસભા-રાજ્યસભા સાંસદો

| નામ | મતદાન મથકનું સ્થળ |
|---|---|
| વિનોદભાઈ ચાવડા | સુખપર પ્રાથમિક શાળા, નખત્રાણા |
| મોહનભાઈ કુંડારિયા | ન્યુ નીલકંઠ પ્રાથમિક શાળા, રવાપર, મોરબી |
| વિઠ્ઠલભાઈ રાદડિયા | જામકંડોરણા પ્રાથમિક શાળા, રાજકોટ |
| નારણભાઈ કાછડિયા | ઝરખડિયા, સાવરકુંડલા, અમરેલી |
| ભારતીબેન શિયાળ | મથાવડા પ્રાથમિક શાળા, મથાવડા, તળાજા, ભાવનગર |
| રામસિંહભાઈ રાઠવા | પીપલદી પ્રાથમિક શાળા, પીપલદી, ક્વાંટ, છોટાઉદેપુર |
| પ્રભુભાઈ વસાવા | સથવાવ પ્રાથમિક શાળા, સથવાવ, સુરત |
| ડો. કેસી પટેલ | પર્યા ગામ પ્રાથમિક શાળા, પર્યા, પારડી |

# શહેરના સેકટર-૧૯ જીમખાનામાં ઓપન કેટેગરીની ચેસ ટુર્નામેન્ટ યોજાઈ

## ચેસના રમતમાં ઓપન કેટેગરીમાં ૪૨ તેમજ અન્ડર-૧૪ વિભાગમાં ૫૦ ખેલાડીઓએ ભાગ લીધો

ગાંધીનગર તા.૨૮

ગાંધીનગર જીમખાના સેકટ-૧૯ અને ગાંધીનગર જિલ્લા ચેસ એસોસિએશનના સહયોગથી સેકટર-૧૯ સ્થિત જીમખાનામાં આજરોજ ચેસ ટુર્નામેન્ટ યોજાઈ હતી. આ ટુર્નામેન્ટમાં ઓપન કેટગરીમાં ૪૨ તેમજ અન્ડર-૧૪ માં ૫૦ ખેલાડીઓએ રમતમાં ભાગ લીધો હતો. અત્યંત રસાકસીભરી આ રમતમાં ઓપન કેટેગરીમાં પ્રથમક્રમે રુદ્ર પાઠક જયારે અન્ડર-૧૪ માં પ્રેરક પરમાર પ્રથમક્રમે વિજેતા જાહેર થયા હતા. વિજેતા ખેલાડીઓને પ્રમામપત્ર અને ટ્રોફી આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મોટી સંખ્યામાં શહેરના ચેસરસિકો ઉપસ્થિત રહ્યા હતા.

શહેરના સેકટર-૧૯ જીમખાના દ્વારા ચેસ ટુર્નામેન્ટનુંઆયોજન કરવામાં આવ્યુંહતું. જેમાં બે વિભાગ રાખવામાં આવ્યા હતા.ઓપન કેટેગરી અને અન્ડર-૧૪ આ બન્ને વિભાગમાં થઈ




કુલ ૯૨ ચેસના ખેલાડીઓએ ઉત્સાહભેર બાગ લીધો હતો. તમામ ખેલાડીઓમાં રસાકસી સર્જાઈ હતી. રમતના અંતે ઓપન કેટેગરીમાં પ્રથમ ક્રમ રુદ્ર પાઠક અને પી.એન.ઝાલા બીજો ક્રમ જયારે ત્રીજા ક્રમે હર્ષદ કાપડીયા જયારે તેવી જ રીતે અન્ડર ૧૪માં પ્રથમ ક્રમ પ્રેરક પરમાર, બીજા ક્રમે દેવેન દેસાઈ, જયારે ત્રીજા ક્રમે મનદિપ ડોડીયા વિજેતા જાહેર થયા હતા. વિજેતા ખેલાડીઓને જીમખાના સેક્રેટરી હરેન્દ્રસિંહ જાદવ ગાંધીનગર જિલ્લા ચેસ એસોસિએશનના પ્રમુખ નાનજીભાઈ સાતુનીયા, સેક્રેટરી શૈલેષ નાયક, અને જીમખાના મેનેજર જે. એન. ચંપાવતના હસ્તે પ્રમાણપત્ર અને ટ્રોફી એનાયત કરીને ખેલાડીઓને પ્રોત્સાહીત કરાયા હતા. હતી. આ ટુનાર્મેન્ટમાં નેશનલ આર્બીટર પંકજભાઈ પંચાલીએ આર્બીટ્રેશન કર્યુ હતું. આ પ્રસંગે જિલ્લાના ચેસ એસોસિએશનના હોદેદારો, જીમખાનાના અધિકારીગણ, કર્મચારીગણ સહિત મોટી સંખ્યામાં નગરના ચેસ શોખીનો હાજર રહ્યા હતા.

# કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ ક્યાં ક્યાં મતદાન કરશે

અમદાવાદ, તા.૨૮

૩૧ જિલ્લા પંચાયત, ૨૩૦ તાલુકા પંચાયત અને ૫૬ નગરપાલિકામાં કોંગ્રેસ પક્ષના ઉમેદવારના પ્રચાર-પ્રસાર માટે કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ નેતાઓએ ૧૦૦થી વધુ સભાઓ વિવિધ જિલ્લાઓમાં સંબોધી હતી. ધારાસભ્યઓ, પૂર્વ સંસદસભ્યો, પૂર્વ મંત્રીઓએ તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતની બેઠકો દીઠ કોંગ્રેસ પક્ષના પ્રચારની જવાબદારી સંભાળીને સ્થાનિકક્ષાએ ખાટલા બેઠક અને સભાઓ સંબોધી હતી. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકી, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા, રાષ્ટ્રીય નેતા-સાંસદ અહમદ પટેલ, પૂર્વ પ્રમુખ અર્જુન મોઢવાડિયા, સિદ્ધાર્થ પટેલ, રાષ્ટ્રીય પ્રવક્તા શક્તિસિંહ ગોહિલ, પૂર્વ કેન્દ્રીય મંત્રી તુષારભાઈ ચૌધરી, નારણભાઈ રાઠવા સહિતના આગેવાનોએ સતત ચૂંટણી પ્રચારધુરા સંભાળી હતી. સમગ્ર રાજ્યમાં જિલ્લા-તાલુકા પંચાયત અને નગરપાલિકામાં કોંગ્રેસ પક્ષના ઉમેદવારને જન સમર્થન, જન આશીર્વાદ વ્યાપકરીતે મળી રહ્યા છે. કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ નેતાઓ આવતીકાલે યોજનાર જિલ્લા-તાલુકા પંચાયત, નગરપાલિકાના જે તે વિસ્તારમાં પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે.

| નામ | મતદાન મથકનું સ્થળ |
|---|---|
| અહમદપટેલ | પીરામણ, ભરુચ |
| ભરતસિંહ સોલંકી | બુથ નં. ૨/૮ ગ્રામ પંચાયત ઘર, ભાગોળ પાસે દેદરડા, બોરસદ |
| સિદ્ધાર્થ પટેલ | સ્વામિનારાયણ મંદિરની વાડી, |
| અર્જુન મોઢવાડિયા | મોઢવાડા, પોરબંદર |
| ડો. તુષાર ચૌધરી | દક્ષિણા હાઈસ્કૂલ, વ્યારા |
| ઈરશાદ બેગ મિરઝા | મોડાસા કોલેજ કેમ્પસ, મોડાસા |

# ગાંધીનગર સિવિલમાં નર્સીંગ સ્ટાફની ભરતીની કવાયત તેજ

ગાંધીનગર તા૨૮

ગાંધીનગર સિવિલ હોસ્પીટલ ખાતે નસીંગની ભરતીની કવાયત હાથ ધરવામાં આવશે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ પહેલા ૧૫૦ બેડની સુવિધા ધરાવતી હતી. તે માટેનો સ્ટાફ પુરતો હતો. પરંતુ મેડીકલ કોલેજ બનતા ૬૦૦ બેડની સુવિધા ધરાવતી હોસ્પિટલ બનતા નર્સીંગના સ્ટાફની અછત ઉભી થવા પામી છે. જેને પગલે સિવિલ માટે નર્સીંગની ભરતી પ્રકિયાની કવાયત તેજ કરવામાં આવી છે.

જી.એમ.ઈ.આર.એસ. નિયંત્રણ હેઠળની તમામ મેડીકલ કોલેજ માટે ખુટતા નર્સીંગ સ્ટાફ માટે તંત્ર દ્વારા ભરતી પ્રકિયાની કવાયત આગામી દિવસોમાં હાથ ધરવામાં આવશે. ગાંધીનગર સિવિલ હોસ્પટલ મેડીકલ કોલેજને પગલે સિવિલમાં પણ ડોકટર અને નર્સિંગ સ્ટાફની નોકરીની તકો ઉભી થવા પામી છે. તમામ ભરતી ફીકસ પગારથી કરવામાં આવશે. ગાંધીનગર સિવિલ પહેલા ૧૫૦ બેડની સુવિધા હતી. તે માટેનો સ્ટાફ પણ સિવિલમાં હતો. પરંતુ મેડીકલ કોલેજ બનતા આ ગાંધીનગર જિલ્લાવાસીઓને ૬૦૦ બેડની સુવિધા મળી છે. આ સુવિધામાં સિવિલમાં પુરતો સ્ટાફ ન હોવાથી નર્સિંગ સ્ટાફની ભરતી પ્રકિયા તેજ કરવામાં આવી છે. આગામી દિવસોમાં આ તમામ નોકરીની ખાલી જગ્યા પર ફિકસ પગારદાર તરીકે નોકરી ઉમેદવાર મેળવશે.



શહેરના ટાઉનહોલ ખાતે અખિલ ભારતીય માહિતિ અધિકાર સહયતા કેન્દ્ર (ગુજરાત રાજય), (આર.ટી.આઈ. એકટીવીસ્ટ એસોસિએશન), દ્વારા સંમેલન યોજાયું હતું. આ સંમેલનમાં રાજયભરમાંથી આર.ટી.આઈ. એકટીવીસ્ટ હાજર રહ્યા હતા. આ સંમેલનમા હાજર મહેમાનોએ તમામ એકટીવીસ્ટો સાથે ચર્ચા કરી હતી. એકટીવીસ્ટોએ પોતાને મુજવતા પ્રશ્નો રજુ કર્યા હતા. ડાયસ પર બેઠેલા મહેમાનોએ આ પ્રશ્નોના જવાબ આપી માર્ગદર્શન પુરુ પાડ્યું હતું.

# આનંદીબેન પટેલ કુલ ૫૧ પ્રચાર કાર્યક્રમમાં જોડાયા

સ્થાનિક ચુંટણીઓમાં ભાજપે આક્રમક ચુંટણી પ્રચાર કરીને મતદારોને પ્રભાવિત કરવાના તમામ પ્રયાસ કર્યા હતા. મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ચુંટણી પ્રચારનું નેતૃત્વ કરીને એક પછી એક કાર્યક્રમો યોજ્યા હતા અને ઝંઝાવતી ચુંટણી પ્રચારનું નેતૃત્વ કર્યુ હતું. પ્રદેશ મીડિયા સેલના કન્વીનર હર્ષદ પટેલે માહિતી આપતા કહ્યું હતું કે, ગઈકાલે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના બીજા તબક્કાના પ્રચાર પડઘમ શાંત થાય ત્યાં સુધીમાં પ્રદેશ અધ્યક્ષ આરસી ફળદુ, મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પરષોત્તમ રૂપાલા તેમજ પ્રદેશ પ્રભારી ડો. દિનેશજી શર્મા, રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રી વી સતીષજી સહિત ૪૨ પ્રદેશના આગેવાનો અને રાજ્ય સરકારના મંત્રીઓએ સમગ્ર રાજ્યમાં ચૂંટણી પ્રચારનું કાર્ય સંભાળ્યું હતું. મુખ્ય આગેવાનોએ જિલ્લાઓ અને મહાનગરોમાં ૫૧ જાહેરસભાઓ, ૨૬ સ્નેહમિલન સમારોહ, ૪૩ આગેવાન હોદ્દેદાર કાર્યકર્તા બેઠકો અને ૩ રોડ શો સહિત કાર્યાલય ઉદ્ઘાટન અને સામાજિક સંમેલનો દ્વારા ૧૩૩થી પણ વધુ ચૂંટણીલક્ષી કાર્યક્રમો દ્વારા સમગ્રરાજ્યમાં ભાજાપની વિકાસલક્ષી બાબતોને પ્રજા સમક્ષ રજૂ કરી હતી.